## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



**ધારાસભ્ય પદ કરોડમાં ન વેંચી ને શું ફાયદો કાઢ્યો...?? હવે કરોડો ભેગા કરવા કેટલા સાચા ખોટા કરવા પડશે...!! એના કરતાં એક ખોટા કામમાં જ પતી જાત...!!**





# પ્રારંભ કલાવૃંદ સંસ્થાનો ડાન્સનો કાર્યક્રમ યોજાયો

પ્રારંભ કલાવૃંદ સેવા સંસ્થાન ગાંધીનગર દ્વારા ગત તા. ૨૩-૪-૧૮ થી ૨૦-૫-૧૮ સુધી નાના બાળકો વિદ્યાર્થીઓ તેમજ નાગરીકો માટે ફ્રી સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ ડાન્સના સમર કેમ્પમાં અંદાજીત ૮૦થી ૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો. એક મહિના સુધી ડાન્સની તાલિમ મેળવીને તાલિમબધ્ધ થયેલા બાળ કલાકારોનો ઉત્સાહ વધારવાનો પ્રારંભ સંસ્થા દ્વારા પ્રયાસ કરાયો હતો. જેને પગલે તા. ૨૦ મે ના રોજ સે-૧૨ આંબેડકર હોલ ખાતે સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન સંસ્કૃતિના વારસાની ઓળખ સમાન વિવિધ નૃત્યો જેવા કે ગ્રુપ ડાન્સ, સોલો ડાન્સ, હીપહોપ, રોબાટીક, ઘુમર (રાજસ્થાની), લોકનૃત્ય, દાંડીયા રાસ, બેડા ગરબો, મિશ્રરાસ, જેવા અદભુત નૃત્યોએ આકર્ષણ જમાવ્યું હતું. આ કાર્યક્રમ નિહાળવા માટે મોટીસંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે બાળ કલાકારોને સર્ટીફિકેટ આપી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શહેરના બિલ્ડર જગતભાઈ કારાણી તેમજ નિવૃત પીઆઈ વિઠ્ઠલભાઈ પટેલ સહિત સભ્યો હાજર રહ્યા હતા.

# ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે મ્યુઝિક ડ્રોઈંગના વેકેશન કોર્સ યોજાયા

ગાંધીનગર, તા.૨૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને ખીલવવા તથા કલા પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિ જળવાઈ રહે તેમજ વેકેશનમાં કલાના માધ્યમ થકી વિદ્યાર્થીઓની સર્જન શકિતનો વિકાસ થાય તે હેતુથી ધોરણ ૫થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટે 'વોકલ મ્યુઝિક' અને 'ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ' વિષયમાં નિઃશુલ્ક વેકેશન કોર્સ ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પ્રેરણાદાયી અને સંગીતમાં તરબતોર કરી દે તેવા ગીતો શીખવવામાં આવ્યા હતા. ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગમાં નેચર ડ્રોઈંગ, ઓબ્જેકટ ડ્રોઈંગ, મેમરી ડ્રોઈંગ, રંગ પ્રાયોગિક, ભાતચિત્ર, પરંપરાગત ચિત્રશૈલીઓ જેવા વિષયોમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કલાનું જ્ઞાન પીરસવામાં આવ્યું હતું.

વેકેશન કોર્સના ૧૫ દિવસના અંતે દિનાંક ૨૧-૫-૨૦૧૮ના રોજ સમાપન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં બાળકોને તજજ્ઞ ભરતભાઈ વ્યાસ દ્વારા



શુભારંભ તા. ૭મી મે ૨૦૧૮ને સોમવારેના રોજ ચિલ્ડ્રન્સ યુનિ.ના માન. કુલપતિ પ્રો.ડૉ. કે.એસ. લિખિયાના હસ્તે કરવામાં આવ્યો હતો તેમજ તેમણે કલાના ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરવા સૌ બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી. ૧૫ દિવસના આ વેકેશન કોર્સમાં ગાંધીનગરના કુલ ૧૧૯ બાળકોએ ભાગ લીધો હતો.

વોકલ મ્યુઝિકમાં ભારતીય સંગીતના શુધ્ધ સ્વરો, શુધ્ધ સ્વરના અલંકારો, તાલ, રાગ-ભૂપાલી વિશે માહિતી તથા તેની સ્વરમાલિકા, મધ્યલય, સંગીતના પારિભાષિક શબ્દો-નાદ, સંગીત, લય, માલ, માત્રા વગેરેની પ્રાથમિક જાણકારી તદુપરાંત 'મસ્તીખોર' નામની સુંદર ફિલ્મ બતાવવામાં આવી હતી. સમાપન સમારોહમાં બાળકો દ્વારા આ ૧૫ દિવસ દરમિયાન શીખેલા સંગીતકલાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી તેમજ ચિત્રકલાના પ્રદર્શનીનું નિદર્શન રાખવામાં આવ્યું હતું. વેકેશન કોર્સના સમાપન પ્રસંગે યુનિ.ના કુલસચિવ તેમજ નાણાંકીય અધિકારી દ્વારા તમામ બાળકોને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વેકેશન કોર્સના સમગ્ર સંચાલન, વ્યસ્થાપન તેમજ કલાના જ્ઞાનનો લાભ યુનિવર્સિટીના કલા શિક્ષકો હાર્દિકભાઈ ભટ્ટ તથા જયદેવભાઈ ધાંધિયા દ્વારા પુરો પાડવામાં આવ્યો હતો.

## ૩૨ (ક) - ઓછી સ્ટેમ્પ ડ્યુટીના પડતર કેસોના સત્વરે નિકાલ માટે સંવેદનશીલ સરકારનો પ્રજાલક્ષી નિર્ણય

ગાંધીનગર, તા. ૨૧

ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાને કારણે પડતર રહેલા દસ્તાવેજોની નોંધણી પ્રક્રિયા બાકી રહે છે. જેને કારણે પડતર કેસોની સંખ્યામાં વધારો જોવા મળતો હોય છે. નોંધણીની પ્રક્રિયા અધૂરી રહેવાને કારણે મહેસૂલી બાબતોને લગતા વિવિધ પ્રકારના પ્રશ્નો પણ ઉપસ્થિત થતા હોય છે. આવા ઘણા કેસો જિલ્લાકક્ષાએ ઓછીસ્ટેમ્પ ડ્યુટી ભરવાને કારણે વર્ષોથી નોંધણી પ્રક્રિયા માટે બાકી રહેતા હોય છે.

મહેસૂલ મંત્રી કૌશિક પટેલે માહિતી આપતા જણાવેલ છે કે, હાલમાં ૩૨ (ક) હેઠળના કેસ ચલાવવા માટે તમામ પ્રાંત અધિકારીઓ અને નાયબ કલેકટર (સ્ટેમ્પ ડ્યૂટી) અધિકૃત્ત થયેલ છે. તે ઉપરાંત ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ થયેલ કેસોની નોંધણી સત્વરે થઈ શકે અને કેસોનો ઝડપી નિકાલ થાય તે બાબત ધ્યાને રાખીને રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા જે જિલ્લામાં ૩૨(ક)ના પડતર કેસોની સંખ્યા વધારે છે તેવા ૧૨ જિલ્લામાં પ્રાંત અધિકારીઓ અને નાયબ કલેકટર (સ્ટેમ્પ ડ્યૂટી) ઉપરાંત ૩૨ જેટલા બીજા નાયબ કલેકટર અને મામલતદારોને કલમ ૩૨ (ક)ના કેસો ચલાવવા અધિકૃત્ત કરવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ છે.

વધુમાં, મહેસૂલ મંત્રીએ જણાવ્યું કે, આ નિર્ણયથી પ્રજાને સ્થાનિક કક્ષાએ સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની સગવડતા ઉપલબ્ધ થશે. ઓછી સ્ટેમ્પ ડ્યુટી વાળા દસ્તાવેજોની નોંધણી પ્રક્રિયામાં નિશ્ચિતપણે ઝડપ આવશે. જેના પરિણામરૂપે સ્થાવર મિલકતો ઉપર પ્રજા પોતાના માલિકી હક પ્રસ્થાપિત કરી વારસદારોને પણ ચિંતા મુક્ત કરી શકશે.

# કારના કાચ તોડી કિંમતી વસ્તુઓની ચોરી કરનાર ચોર અડાલજમાંથી ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટાવેરા ગાડી સહિત ૪૨૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૧

અડાલજ અને મહેસાણામાં કારના કાચ તોડી કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરનાર રીઢા ચોરને ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમે અડાલજ આરવર્લ્ડ નજીકથી ટાવેરા ગાડી સાથે પકડી પાડ્યો હતો. ટીમે ચોર પાસેથી રૂ. ૪૨,૬૦૦ની કિંમતની જુદી જુદી ચીજવસ્તુઓનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત ૧૭-૫-૨૦૧૮ના રોજ અડાલજ ત્રિમંદિરના પાર્કિંગમાંથી ગાડીના કાચ તોડી પર્સમાં મુકેલ રૂ. ૧૨૦૦૦ રોકડ તથા મોબાઈલ ફોન કિં. રૂ. ૧૨૫૦૦ મળી રૂ. ૨૪,૫૦૦ ચોરીની ફરિયાદ અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ ચોરી બાબતે અડાલજ પોલીસ અને ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમો જુદી જુદી દિશામાં તપાસ કરી રહ્યા હતા.

દરમિયાન આજે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. યુ.આર. નલવાયા અને તેમની ટીમના પોલીસ કર્મીઓ અડાલજ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે કાચ તોડી ચોરી કરતા ઈસમ અંગે ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીની હકીકતના આધારે ટીમે વોચ ગોઠવી હતી. જેમાં



બાતમીની હકીકત ધરાવતો ઈસમ અડાલજ આરવર૯ડ નજીક આવતા તેને પકડી પાડ્યો હતો. પોલીસે પુછપરછ કરતા રમેશ ઉર્ફે ફોકો ત્રીભુવનદાસ હેરૂવાલા (રહે. ડીસા, અંબિકાચોક, એનઆર પાર્ક સોસાયટી, બનાસકાંઠા)નો હોવાનુ જણાવ્યુ હતુ. ટીમે આરોપી પાસેથી લાલ રંગની ટાવેરા ગાડી નં. જીજે.૦૮.આર.૭૪૦૯ પણ કબ્જે કરી હતી અને તેની તપાસ કરતા લાકડાના હાથાવાળુ પોકર તથા લોખંડની પટ્ટી, બે મોબાઈલ, ૨૨ હજાર રોકડા તથા વિવિધ દેશોની કરન્સી મળી આવી હતી. પોલીસે વધુ પુછપરછ કરતા અડાલજ ત્રિમંદિર અને મહેસાણા વોટર પાર્કના પાર્કિંગમાં પડેલ કારમાંથી કાચ તોડી ચોરી કર્યાની કબુલાત કરી હતી. આ સંદર્ભે પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

# સહયોગ મંડળે નાંદોલ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજયો

## સિવિલ હોસ્પિટલના તબીબોએ સેવા પુરી પાડી : મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના નાંદોલ ગામે વરિષ્ઠ નાગરિક મંડળ તથા પાટનગરના સહયોગ મંડળના સંયુકત ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું યોજવામાં આવેલ સર્વ રોગ નિદાન કેમ્પમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના તબીબો ડૉ. સંદીપ કોન્ટ્રાકટર, ડૉ. વિરલ પ્રજાપતિ, ડૉ. તૃપ્તિ ભટ્ટ, ડૉ. નિકીતા અગ્રવાલ અને ડૉ. વૈભવ શર્માએ રોગ કેળવણી મંડળના ચેરમેન નૈલેશભાઈ પટેલ, સરપંચ મંજુલાબેન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વહેલી સવારથી મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લઈ સર્વ રોગ



હતું. આ કેમ્પમાં દર્દીઓને હૃદય, હાડકાં, નાક-કાન-ગળા, ચામડી અને નેત્ર સંબંધિત રોગો અંગે વિના મૂલ્યે રોગ નિદાનની સેવાઓ નિષ્ણાંત તબીબો દ્વારા પુરી પાડવામાં આવી હતી.

નાંદોલ ગામની સેવા સહકારી મંડળના હોલ ખાતે નિદાનની સેવાઓ પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં નાંદોલના વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ રાવજીભાઈ પટેલ, ગાંધીનગરના સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, નાંદોલ સેવા સહકારી મંડળીના ચેરમેન વિનોદચંદ્ર પટેલ તથા નાંદોલ નિદાન કેમ્પનો લાભ લીધો હતો અને રોગોનું નિદાન તથા જરુરિયાત મુજબ તબીબની સલાહ પ્રાપ્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ગાંધીનગરના સહયોગ મંડળ તથા નાંદોલના વરિષ્ઠ નાગરિક મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## અડાલજથી મળેલ બે મૃતદેહોનો મુક્તિધામ ખાતે અંતિમવિધિ કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના અડાલજ ખાતે પોલીસને એક મહિલાની તથા એક પુરૂષની એમ બે બિનવારસી મૃતદેહ મળી આવી હતી. આ લાશો અંગે જરૂરી કાર્યવાહી પતાવી અડાલજ પોલીસ સ્ટેશન દ્વારા તેનો કબ્જો ગાંધીનગર ખાતેના મુક્તિધામના સ્ટાફને સોંપવામાં આવ્યો હતો. મુક્તિધામના સ્ટાફ દ્વારા આ બંને બિનવારસી મૃતદેહની સંપુર્ણ વિધિવત રીતે અંતિમ ક્રિયા કરી આજે બપોરે ૧.૪૫ કલાકે અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા હતા. જુસિકા સંચાલિત મુક્તિધામ ખાતે બિનવારસી મૃતદેહોની જરૂરી કાર્યવાહી પતાવી તેના અંતિમ સંસ્કારની વિધિવત સેવા પુરી પાડવામાં આવે છે.

# શહેરમાં સોલાર લાઈટ એ ભાજપના ભ્રષ્ટ્રાચારનું ઉદાહરણ છે તપાસ કરો : બિહોલા

## ૫ કરોડના ખર્ચ પછી પણ તંત્ર પાસે હજુ કોઈ આ પ્રોજેક્ટમાં વોરંટી કે ગેરંટી નથી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં સોલાર લાઈટો એ ભાજપના ખદબદતા ભ્રષ્ટ્રાચારનો પુરાવો છે. આ મુદ્દે મનપામાં અત્યાર સુધીની થયેલી કામગીરી અંગે તપાસ સમિતિ રચવાની માંગ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે મ્યુનિ. કમિશ્નરને પત્ર પાઠવીને કરી છે.

બિહોલાએ જણાવ્યુ છે કે મનપામાં ભાજપને સેવા એ લક્ષ્ય નથી પરંતુ નાણાંની લૂંટ કરવા સિવાય અન્ય કોઈ કામમાં રસ નથી. પ્રજાના પરસેવાના નાણાંનો ગેરવહીવટ કરવામાં માહિર ભાજપને પ્રજા હવે ઓળખી ગઈ છે અને આગામી દિવસોમાં તેમના ભ્રષ્ટ્ર આચરણો પ્રજાને સમક્ષ ખુલ્લા મુકવામાં આવશે.

કમિશ્નરને પાઠવેલા પત્રમાં બિહોલાએ સ્પષ્ટ જણાવ્યુ છે કે ગાંધીનગર મહાનગરપાલિકામાં શાસકપક્ષ દ્વારા અત્યાર સુધી સોલાર લાઈટના કામમાં ખુબ જ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે, વારંવાર આ અંગે વિપક્ષ દ્વારા રજૂઆત કરતા આજ દિન સુધી શાસક પક્ષ કે વહીવટીતંત્ર સંતોષકારક ખુલાસો કે જવાબ આપી શક્યા નથી, અત્યાર સુધી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨ કરોડ ૨૭ લાખની સોલર લાઈટો અને તેના મેઈન્ટેનન્સ ખર્ચ અલગથી વહીવટીતંત્ર દ્વારા શાસકપક્ષના ઈશારે ખર્ચવામાં આવેલ છે, વારંવાર સોલર લાઈટના ટેન્ડરે કરી ભાવ ઘટાડતા-વધારતા રહેવુ, મન ફાવે તેમ નિર્ણય લેવો, અને ફક્ત ભ્રષ્ટાચાર જ કરવામાં આવ્યો છે. હાલમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જુના સોલરના પોલ ઉપર નવુ ફીટીંગ કરવાનો વર્કઓર્ડર આપવામાં આવ્યો છે, નંગ દીઠ કિંમત ૧૨,૮૫૦ નક્કી કરવામાં આવી છે, જે અગાઉ નાખવામાં આવેલ સોલર લાઈટના એક નંગ કરતા પણ વધારે છે, આશ્ચર્યની વાત કે આજ સુધીના સોલર લાઈટના કામ અંગેના ટેન્ડરોમાં કંપની સોલરની ગેરંટી કે વોરંટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આ જ બતાવે છે કે સોલર લાઈટના કામમાં સૌથી મોટો ભ્રષ્ટાચાર થઈ ગયો છે અને હજુ પણ થવા જઈ રહ્યો છે. જો રૂ. ૫ કરોડ સોલર લાઈટ પાછળ જનતાના પૈસા વાપરવામાં આવતા હોય તો કંપની પાસે કેમ કોઈ ગેરંટી કે વોરંટી ના લીધી..? સ્ટેન્ડિંગ કમિટી દ્વારા હાલ નવા સોલરનો જે વર્કઓર્ડર કરવામાં આવ્યો છે તે સત્વરે મોકૂફ કરવામાં આવે અને જો ભ્રષ્ટાચાર ના જ કરવાનો ઈરાદો હોય તો વહીવટી તંત્ર દ્વારા સોલર લાઈટમાં થયેલ ભ્રષ્ટાચારના વિરૂદ્ધમાં સમિતિ બનાવી અને પછી જ આ બાબતે નિર્ણય કરવો જોઈએ. અને જો આમ નહી કરવામાં આવે તો ગાંધીનગર મહાનગર પાલિકામાં કોંગ્રેસના કાઉન્સીલરો દ્વારા પ્રજાને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરી ભ્રષ્ટાચારનો જવાબ માંગવામાં આવશે.


## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH 2018**

Rs. in Lacs

| Sr. No. | Particulars | Standalone Results | | | | Consolidated Results | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | Year ended | | Year ended | |
| | | 31.03.2018 (Audited) | 31.03.2017 (Audited) | 31.03.2018 (Audited) | 31.03.2017 (Audited) | 31.03.2018 (Audited) | 31.03.2017 (Audited) |
| 1 | Total Income from Operations (net) | 36,751.41 | 27,194.91 | 1,40,521.39 | 1,11,575.63 | 7,52,249.38 | 6,15,054.15 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 25,197.22 | 17,104.39 | 1,01,081.20 | 73,778.80 | 1,45,186.80 | 1,03,170.57 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 25,197.22 | 17,104.39 | 1,01,081.20 | 73,778.80 | 1,45,186.80 | 1,03,170.57 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 15,739.29 | 12,698.81 | 66,842.89 | 49,663.96 | 95,840.86 | 71,817.89 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 15,807.21 | 12,831.34 | 66,901.51 | 49,641.17 | 91,892.69 | 67,525.28 |
| 6 | Equity Share Capital (Face value of Rs. 10/- each) | 56,383.36 | 56,358.77 | 56,383.36 | 56,358.77 | 56,383.36 | 56,358.77 |
| 7 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | - | 4,50,120.70 | 3,93,238.55 | 1,86,459.02 | 3,96,194.36 |
| 8(i) | Earnings Per Share (EPS) Before Extraordinary Items | | | | | | |
| | (a) Basic EPS (Rs.) | 2.79 | 2.28 | 11.86 | 8.81 | 13.15 | 9.84 |
| | (b) Diluted EPS (Rs.) | 2.79 | 2.28 | 11.85 | 8.81 | 13.14 | 9.83 |
| | (Face Value of Rs. 10/- each) | | | | | | |
| 8(ii) | Earnings Per Share (EPS) After Extraordinary Items | | | | | | |
| | (a) Basic EPS (Rs.) | 2.79 | 2.28 | 11.86 | 8.81 | 13.15 | 9.84 |
| | (b) Diluted EPS (Rs.) | 2.79 | 2.28 | 11.85 | 8.81 | 13.14 | 9.83 |
| | (Face Value of Rs. 10/- each) | | | | | | |

Notes: (1) The above is an extract of the detailed format of Quarterly / Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone and Consolidated Quarterly / Annual Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)

(2) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 21st May, 2018.

(3) The Board of Directors of the Company have recommended dividend of Rs.1.75(@17.50 %) per share of Rs. 10/- each on equity shares of the Company for the financial year 2017-18, subject to the approval of shareholders in ensuing Annual General Meeting.

(4) The Company has acquired 28.40% equity stake of Gujarat Gas Limited in Quarter 4 of FY 2017-18. This resulted in the Company owning 54.17% of equity stake in Gujarat Gas Limited(GGL). Since the Company and GGL are both controlled by Gujarat State Petroleum Corporation Limited, based on principles of Ind AS 103 - Business Combinations, Appendix C - Business combinations of entities under common control, the acquisition has been accounted using pooling of interest method from the beginning of the comparative period i.e. 2016-17.

(5) The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 21st May, 2018

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS, Managing Director


# પાટનગર મેડીકલ કોલેજના ડીનના પદ માટે ૧૫ અરજી આવી

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજમાં હાલના સમયે ડીન અને હોસ્પિટલમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા અત્યારના સમયે ચાર્જમાં ચાલી રહી છે. ત્યારે જીએમઈઆરએસ તંત્ર દ્વારા પાટનગરની મેડીકલ કોલેજમાં ડીનની કાયમી ૧ જગ્યા માટે અને વડનગર, ગાંધીનગર અને ગોત્રી સિવિલ હોસ્પિટલમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટની કુલ-૩ જગ્યા માટે જાહેરાત પ્રસિદ્ધ કરાઈ હતી. જેને પગલે ડીનની માત્ર એક જગ્યા માટે ૧૫ અરજદારોની અરજી અને સિવિલ સુપ્રિટેન્ડન્ટની ૩ જગ્યા માટે ૧૩ અરજી આવી છે.

ગાંધીનગર પાટનગર મેડીકલ કોલેજમાં ડીન તરીકે ફરજ બજાવતા ડો. અરુણ વ્યાસ નિવૃત થતા તેમની જગ્યા ખાલી પડી હતી. ત્યારે પાટનગરની મેડીકલ કોલેજમાં ડીનની જવાબદારી હાલમાં ડો. શોભના ગુપ્તા નિભાવી રહ્યા છે. પરંતુ જીએમઈઆરએસ સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજના ડીન અને સિવિલના સુપ્રિટેન્ડન્ટ બંન્ને મહત્વની પોસ્ટ ચાર્જમાં ચાલી રહી છે. ત્યારે જીએમઈઆરએસ તંત્ર દ્વારા ડીનની એક જગ્યા અને સુપ્રિટેન્ડન્ટની-૩ જગ્યા કાયમી ભરવા કવાયત હાથ ધરી છે. જેને પગલે ગોત્રી, વડનગર અને ગાંધીનગર સિવિલ સુપ્રિટેન્ડન્ટ માટેની ૩ જગ્યા માટે ૧૩ અરજી આવી છે. જયારે પાટનગર મેડીકલ કોલેજ ડીનની -૧ પોસ્ટ માટે ૧૫ ઉમેદવારોએ અરજી કરી છે. પાટનગર મેડીકલ કોલેજમાં ડીન બનવા માટે ૧૫ ઉમેદવારો મથામણ કરી રહ્યા છે.